અરવલ્લી જીલ્લા પંચાયતના પ્રમુખ માટે ભાજપ-કોંગ્રેસ દ્વારા ઉમેદવારી ફોર્મ ભરાયા

ભાજપામાંથી નેહાબેન પટેલ અને કોંગ્રેસમાંથી મંજુલાબેન પાંડોરનુ ઉમેદવારી ફોર્મ ભરાયુ

(સમીર બલોચ/જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા, તા.૨

તા.૩ જાન્યુઆરીના રોજ અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખનુ ચુંટણી યોજાવાની છે ત્યારે આજે ભાજપામાંથી પ્રમુખ પદનો કળશ કઈ મહિલા ઉમેદવાર પર ઢોળાશે તે બપોર સુધી સસ્પેન્સ રાખવામાં આવ્યુ હતુ.

અરવલ્લી જીલ્લા પંચાયત અલગ કરવાનુ સરકાર ધ્વારા થોડાક દિવસ પહેલા રાજપત્ર જાહેર કરી અરવલ્લી જીલ્લા પંચાયતને સાબરકાંઠામાંથી વિભાજન કરવામાં આવ્યુ હતુ ત્યારે થોડાક દિવસો પહેલા અરવલ્લી જિલ્લા પંચાયતના નવીન મકાનનો શુભઆરંભ કરવામાં આવ્યો હતો ત્યારે તારીખ ૩ના રોજ અરવલ્લી જીલલા પંચાયતના પ્રમુખની ચુટણી યોજાવાની હોઈ આજે તા.૨ના રોજ જિલ્લા પંચાયત ખાતે ચુટણી અધિકારીની હાજરીમાં આજે કોંગ્રેસ તરફથી પ્રમુખ પદ માટે મંજુલાબેન ડામોર અને ઉપપ્રમુખ માટે અરૂણભાઈ પટેલનુ ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યુ હતુ ત્યારે ભાજપા તરફથી પ્રમુખ પદ માટે નેહાબેન પટેલ અને ઉપપ્રમુખ માટે હિરાજી ડામોરનુ ફોર્મ ભરવામાં આવ્યુ હતુ ત્યારે હાલ તો આ ચુટણીની એક કાયદાકીય જોગવાઈ પ્રમાણે કરવાની છે બાકી અરવલ્લી જીલ્લા પંચાયતના પ્રમુખ તરીકે ભાજપાના પ્રમુખ ફાઈનલ છે કારણ કે ભાજપનુ સંખ્યાબળ ૧૨ હતુ અને કોંગ્રેસનુ ૧૦ છે ત્યારે બે દિવસ પહેલા કોંગ્રેસના સભ્યોમાં ભંગાણ પડતા પર પાટુ માર્યુ હોય તેમ ભાજપા ધ્વારા કોંગ્રેસના બીજા બે સભ્યો ભાજપામાં જોડાતા ભાજપાનુ સંખ્યાબળ ૧૪નુ થઈ ગયુ હતુ ત્યારે હાલ તો જિલ્લા પંચાયત અરવલ્લીના પ્રમુખ તરીકેનો તાજ નેહાબેનના શિરે ફાઈનલ થઈ ગયો છે.

મોડાસા તાલુકાના સાકરીયા ગામે નજીવી બાબતે મારામારીમાં ૬૭ વર્ષીય આધેડનુ મોત

(સમીર બલોચ/જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા, તા.૨

અરવલ્લી જિલલા ના મોડાસા તાલુકા ના સાકરીયા ગામે આજે નજીવી બાબતે બે પરિવારો વચ્ચે તકરાર થતાં આ તકરાર એક ૬૭ વર્ષીય આભેડ ની મોત નુ કારણ બની હતી.

આ અગે પ્રાપ્ત માહીતી અનુ સાર મોડાસા તાલુકા ના સાકરીયા ગામેઆવેલ શાંતીલાલ ના ખેતર નજીક આ જ ગામ ના ઈશ્વરભાઈ, રમેશભાઈ, રણજીતભાઈ અને ભુરાભાઈ પોતાનુ ટ્રેકટર અને ટોલી લઈ ને આવતા શાંતીલાલે પોતાના ખેતર નજીક કરેલ માટીનો ઢગલો ભરવાની ના પાડતા આ ચારેય આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને શાતીલાલને અપશબ્દો બોલવા માંડયા હતા ત્યારે શાંતીલાલે અપશબ્દો બોલવાની ના પાડતા આ ચારેય આરોપીઓ શાંતીલાલ ઉપર તુટી પડયા હતા અને શાંતીલાલને ગડદાપાટુનો માર મારીને મોત નીપજાવ્યુ હતુ ત્યારે આ બાબતે શાંતીલાલની પત્નીની ફરીયાદના આધારે મોડાસા રૂરલ પી.એસ.આઈ જોરાવરસિંહ ઝાલાએ આ અંગે મોતનુ ગુનો નોધી આ ચારેય આરોપીઓને પકડવાના ચક્રોગતિમાન કર્યા હતા જયારે શાંતીલાલની ડેડબોડીને પોસ્ટમોર્ટમ માટે મોડાસા ખાતેની પી.એચ.સી. સેન્ટર પર મોકલી આપવામાં આવી હતી.

ડીસા તાલુકાના કંસારી ગામે દીપડો બન્યો હિંસક : બે ગ્રામજનો ઘાયલ

ડીસા, તા. ૨

બનાસકાંઠામાં અરવલ્લીની ગીરીમાળા પથરાયેલી હોઈ અહીં એક મોટો વિસ્તાર જંગલ સમાન છે ત્યારે અહી વન્ય પ્રાણીઓ જંગલ વિસ્તારમાંથી રસ્તો ભટકતા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવેશતા અફરા-તફરી મચે છે ત્યારે ડીસાના કંસારી ગામ નજીક આજે ભુલથી આવી પડેલા દીપડાએ ઘુસ મારતા અફરા-તફરી મચી છે, જો કે માનવ વસાહતમાં ઘુસેલા આ દીપડાએ હોકારો-દેકારો થતા બે ગ્રામજનોને નહોર મારી ઘાયલ કર્યા હતા.

બનાસકાંઠાના ડીસા સહીત વડગામ, દાંતીવાડા, અમીરગઢ દાંતા સહીત અનેક સ્થળોએ ભુલથી રસ્તો ભટકતા હિંસક અને વન્ય પ્રાણીઓ આવતા લોકોમાં ભયનો માહોલ પેદા થાય છે. તથા વહીવટીતંત્રમાં દોડધામ મચે છે. ત્યારે આજે સમી સાંજે ડીસા તાલુકાના કંસારી ગામે એક દીપડો ધસી આવ્યો હતો. કંસારી ગામના ગોબરજી ઠાકોરના ખેતરમાં આવી ચડેલા દીપડાએ લોકોને જોઈ ભય અનુભવી આ ગામના સ્થાનિક રહીશે એવા નાગજી ગણેશભાઈ પટેલ ઉમર વર્ષ-૨૨ તેમજ સ્વરૂપજી મગનજી ઠાકોર ઉંમર વર્ષ-૩૫ ને ઝપટે લઈ નહોર મારતા બન્ને લોહી લુહાણ થયા હતા. જે બાદ દેકારો મચતા આ દીપડો ખેતરની ઝાડીમાં છુપાઈ ગયો હતો. આ ઘટનાની જાણ થતા ડીસા તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. ભદોરિયા અને ટીમે ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિ વણસે નહિ તે માટે લોકોને હિંસક દીપડો છુપાયો તે સ્થળેથી દૂર કર્યા હતા. હાલ પોલીસ અને ફોરેસ્ટ વિભાગે આ દીપડાને સુરક્ષીત રીતે ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે, જો કે દીપડાના ભયથી સમગ્ર પંથકના લોકોમાં સન્નાટો છવાયો છે.

મેઘરજના યુવાનનું પતંગની દોરીથી ગળુ કપાયુ : ૨૦ ટાંકા આવ્યા

મેઘરજ, તા. ૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકા મથકે પ્રોવિજન સ્ટોર ચલાવતા યુવાન બિલાસભાઈ મહંમદભાઈ ખભરાટ ઉત્તરાયણ પર્વનો આનંદ જોવામાં મેઘરજ એસ.ટી. સ્ટેન્ડ તરફ જઈ રહ્યા હતા ત્યારે એકાએક આ મોટર સવાર બિલાસભાઈને પતંગની દોરી ગળાના ભાગે જોરદાર રીતે ઘસાઈ જતાં ઘટનાસ્થળે જ બેભાન હાલમતાં ઢળી પડ્યા હતા અને આ ઘટના ઘટના જોતાં આજુબાજુથી લોકો આવી ગયા હતા.

તાકીદે બોલેરો જીપ દ્વારા મેઘરજની જલારામ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન બિલાસભાઈના ગળાના ભાગે ગંભીર રીતે ઘાયલ થતાં ૨૦ ટાંકા લેવામાં આવ્યા હતા. પતંગની દોરીથી ગંભીર બનાવો આજથી જ ચાલુ થઈ ગયા છે ત્યારે ધાબા ઉપર પતંગ ચગાવવો, રોડ ઉપર વાહનો વચ્ચે પતંગ ચગાવવો તે હાનીકારકની ઘણી જાહેરાતો છતાં હવે અકસ્માતો વધવા લાગશે પરંતુ કેટલાક નિર્દોષ લોકોના જાન જશે જેથી દરેકે તથા વાલીઓએ ખાસ ધ્યાન રાખવું જોઈએ. તે દરેકના માટે હિતાવહ છે.

મોડાસામાં "બેટી બચાવો" અભિયાન સાથે કબિર વિચાર યાત્રાનું પ્રસ્થાન તથા "સાહેબ સચરા ચરા" ગ્રંથનું વિમોચન

મોડાસા તા.૨

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં સતનામ કબીર સાહેબના સંત કેવશદાર સાહેબના પરમ શિષ્ય અને બાદરપુરા (બાયડ) ના વતની બાલકદાસ સાહેબ રચિત "સાહેબ સચરા ચરા" ગ્રંથનું વિમોચન કરાયા બાદ માનવ જીવનને ઉજાગર કરતા ૧૭ સંકલ્પો સાથે સમગ્ર રાજયમાં વિચરણ કરનાર સતગુરૂ શ્રી કબીર વિચારયાત્રાને ગુજરાત રાજયના સામાજીક ન્યાયમંત્રી રમણલાલ વોરાએ મોડાસાથી પ્રસ્થાન કરાવ્યુ હતુ.

મોડાસા શહેરની આર્ટસ કોલેજના કેમ્પસમાં ભ.મા.શાહ ઓડેટોરિયમ હોલમાં "સાહેબ સચરાચરા" ગ્રંથનું વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાર્થના તથા સ્વાગતના બાદ ઉપસ્થિત સૌ સંતો મહોતોનું આયોજન કરવામાં આવ્યું હતુ. શાબ્દીક સ્વાગત ભરતભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દિપ પ્રાગટય વિધિમાં પ.પૂ.મહંત શ્રી ૧૦૮ શ્રી પ્રિતમ દાસજી સાહેબ શ્રી મફતજીવન દાસજી સાહેબ બડોદરા તથા સર્વે

(તસવીર : જય અમીન, મોડાસા)

મહંતો તથા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા તેમજ સમગ્ર કાર્યક્રમ પ્રસંગનો પરિચય ગુરૂગાદિ બાદરપુરના બાલકદાસજી મહારાજે કરેલ તથા ગ્રંથ વિમોચન વિધિ ગ્રંથસ્થ સર્વે સંતો-મહંતો અને મહાનુભાવો એ કરેલ હતી આ પ્રસંગમાં ખાસ ઉપસ્થિત એવા રમણલાલ વોરા (મંત્રી ગુજરાત રાજય) ડૉ.કરશનદાસ સોનેરી, ડી.ડી.કાપડીયા (જનરલ મેનેજર જીએસઆરટીસી) વગેરેની ઉપસ્થિતિમાં તથા ખુબ જ મોટી સંખ્યામાં હાજર રહેલ સંતો મહંતોની હાજરીમાં ગ્રંથ વિમોચન ઉપરોકત શ્રી કબીર વિચારયાત્રામાં સામાજીક સમરસના ચેતના જાગૃતિ અર્થે શ્રધ્ધા નિવારણ ધ્રુમપાન વ્યસન મુકિત જાતિવાદ સંપ્રદાયનું ખંડન માતા-પિતા વડીલોનો આધાર, ગૌ સેવા કુપોશણ નિવારણ બેટી બચાવો કન્યા કેળવણી નારી સંરક્ષણ બેટી બચાવો નારી સંરક્ષણ સ્વચ્છ ગુજરાત નિર્મળ ગુજરાત સમરસ ગુજરાતના નિર્માણમાં સહભાગી વગેરે જેવા સેવા કાર્યો અને સમાજ સેવા ભાવના કેળવાય તેવા ઉદ્દેશ્યથી રેલીનું પ્રસ્થાન કર્યું હતું.

ઉનાવા ગામે કમાણીયા પરાના પડતર પ્રશ્નોનો નિકાલ લાવવા માંગ

ઊંઝા, તા. ૨

ઊંઝા નજીક ઉનાવા ગામે કમાણીયા પરા આગળથી દરગાહ બાજુ વર્ષોથી નિકાલ થતા વરસાદી પાણીને ખોટી રીતે પાકી ગટરલાઈન બનાવીને પોપડા તળાવની બાજુમાં જોડી દેવામાં આવ્યું છે. જેથી ગામની આથમણી પાટીના બાહોશોને નુકશાન થાય તેવુ કામ થઈ રહ્યું છે. તેમજ પોપડા તળાવ બાજુથી વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય તેવી વ્યવસ્થા ન કરાતા અને ગામમાં સફાઈ બાબતે ગ્રામ્ય પંચાયત દ્વારા ધ્યાન ન અપાતા આ પ્રશ્ને સત્વરે પગલા ભરવા સમસ્ત આથમણી પાટીના રહીશોએ જિલ્લા કલેક્ટર સહિતના તમામ અધિકારીઓને રજૂઆત કરી છે. આ બાબતે ઘટતુ નહી થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા રહિશોએ ચિમકી પણ ઉચ્ચારી છે.

પરશુરામ પરિવાર અંબાજી દ્વારા

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના નવ નિયુક્ત ડાયરેક્ટર ગણપતભાઈ જોષીનું અભિવાદન

સંસ્કૃત પાઠશાળાના બાળકોને સ્વેટર અર્પણ કરાયા

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા ભાજપના વરિષ્ઠ અગ્રણી તેમજ સમસ્ત બ્રહ્મસમાજના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ જોષીની તાજેતરમાં રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ગુજરાત રાજયના ડીરેક્ટર પદે નિયુક્ત કરતાં શક્તીપીઠ અંબાજી ખાતે પરશુરામ પરિવાર અંબાજી દ્વારા આયોજીત એક સમારંભમાં ભવ્ય સ્વાગત સાથે અભિવાદન કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં અંબાજી શહેર ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી બકુલેશભાઈ શુક્લએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. પરશુરામ પરિવાર અંબાજીના પ્રમુખ શ્રી દિનેશભાઈ મહેતાએ શાલ અને પુષ્પહારથી સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ શ્રી શૈલેષભાઈ જોષી, પરશુરામ પરિવારના સંસ્થાપક શ્રી ડામરાજી રાજગોર, શ્રી અશ્વિનભાઈ જોષી, શ્રી જગદીશભાઈ જોષી, પર્ણાશાના તંત્રી દિપીકાબેન જોષી સહીત અંબાજી નગરના બ્રહ્મદેવો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્કૃત પાઠશાળા અંબાજી અને હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા બ્રાહ્મણ વિદ્યાર્થીઓને ગરમ સ્વેટર મહાનુભાવોના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પાઠશાળાના આચાર્યશ્રીએ કર્યું હતું.

શામળાજી ફોરલેન હાઈ-વે બિસ્માર, અકસ્માતોની વણથંભી વણઝાર

શામળાજી, તા. ૨

અરવલ્લી જિલ્લાના ભીલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીકના પસાર થતો નેશનલ હાઈવે નં. ૮ ઉપર મોટા-મોટા ભયજનક રીતે પડી ગયેલા ખાડાઓના કારણે વારંવાર અકસ્માતની ઘટનાઓ બનવા પામી છે. જેનાથી કેટલીક અકસ્માતની ઘટનાઓમાં તો લોકોએ જીવ પણ ગુમાવવાનો વારો આવ્યો છે. છતાં તંત્ર નિદ્રાધિન અવસ્થામાં છે.

ભીલોડા તાલુકાના શામળાજીમાંથી પસાર થતો નેશનલ હાઈવે નં. ૮ દિલ્હીથી મુંબઈને જોડતા ટુંકા અને મહત્વનો માર્ગ હોવાથી આ રોડ ઉપર ભારે વાહનોની અવરજવર ૨૪ કલાક સતત ચાલુ રહે છે. જેના કારણે શામળાજી નજીકથી પસાર થતા માર્ગ ઉપર નેશનલ હાઈવે ઓથોરિટી યોગ્ય જાળવણીના અભાવે મોટા મોટા દોઢથી બે ફૂટ જેવા ભયજનક ખાડાઓ પડી ગયા છે. આ હાઈવે ઉપર મુસાફરી કરતા વાહનચાલકો માટે અકસ્માતને નોતરી રહ્યા છે. આવી જ એક ઘટના આજે સવારે શામળાજી સરકારી હોસ્પિટલ નજીકથી પસાર થઈ રહેલા લોડિંગ ટ્રેલરના ચાલકે અચાનક બાઈક આગળ આવી જતાં બાઈક ચાલકને બચાવવા જતા રોડ ઉપર રહેલા ખાડામાં ભારે વાહનોનું ટાયર પડતાં ટ્રક પલટી ખાઈ ગયો હતો. સદનસીબે ઉંધુ વળી ગયેલુ ટ્રેલર ડ્રાયવરનો આબાદ બચાવ થયો હતો. રોજ રોજ આવા અકસ્માતની ઘટના બનવા છતાં સરકારી તંત્ર દ્વારા કોઈ ખાડા પુરવા માટે કોઈ જ કામગીરી કરવામાં આવતી નથી.

(તસવીર : ધ્રુવ પ્રણામી)

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર મુકામે કલેકટરશ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને આરોગ્ય વિભાગની વિવિધ બેઠકો યોજાઈ હતી. જેમાં પલ્સ પોલીયો કાર્યક્રમ અંતર્ગત આગામી તા.૧૮ જન્યુઆરી અને તા.૨૨ ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવશે. એકપણ બાળક પોલીયોની રસીના ટીપા પીધા વગરનું ન રહે તે માટે આરોગ્ય વિભાગ ધ્વારા માઈક્રોપ્લાનીંગ કરવામાં આવ્યું છે. બુથના દિવસે ૮૦ ટકા બાળકોને રસી પીવડાવવામાં આવરી લેવામાં આવશે. અને ત્યારબાદ ઘરે ઘરે ફરી બાળકોને પોલીયોની રસી આપવામાં આવશે. એકપણ બાળક પોલીયોની રસી પીધા વગરનું ન રહી જાય તે માટે ઈંટોના ભઠ્ઠા, બસ સ્ટેન્ડ, બિલ્ડીંગ કન્સ્ટ્રકશન સાઈટ અને ઝુંપડપટ્ટી વિસ્તારમાં જઈ રસી પીવડાવવામાં આવશે. કોઈપણ બાળક પોલીયોની રસીથી વંચિત ન રહે તે માટે કલેકટરશ્રી રાણાએ કડક સુચના આપી હતી.

પ્રાંતિજમાં વિજ્ઞાન પ્રવાહની કોલેજ ફાળવવા સ્થળ તપાસના ચક્રો ગતિમામ

પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજ તાલુકામાં સાયન્સ કોલેજ ફાળવવાની રજૂઆતને ધ્યાને લેવાતા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પ્રાંતિજ ખાતે સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકામાં સાયન્સ પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા મોટા પ્રમાણમાં છે. અને ધોરણ-૧૨ સાયન્સના અભ્યાસ બાદ વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં એડમીશન માટે અન્ય સ્થળોએ જવુ પડે છે. જ્યારે સ્થાનિક કોલેજોવાળા પોતાના તાલુકાના વિદ્યાર્થીઓને ખાસ કરીને પ્રાયોરીટી ન આપતા હોવાથી પ્રાંતિજ તાલુકાના વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ મેળવવા ખુબજ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તો અનેક વાર પ્રવેશથી વંચિત રહી જાય છે. આ મુદ્દે પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ સરકારમાં રજુઆતો કરી હતી. મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. ધારાસભ્યની રજૂઆતને ધ્યાને લેવાતા આજે સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્થળ તપાસવા માટે તાલુકાની મુલાકાત લીધી હતી અને સ્થળની ખોજ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ભિલોડા બી.એડ્., એમ.એડ્. કોલેજમાં નવા વર્ષની ઉજવણી કરાઈ

ભિલોડા,તા.૨

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી. બારોટ બી.એડ્., એમ.એડ્. કોલેજમાં વર્ષ-૨૦૧૫ ને આવકારતો નવલા વર્ષ-૨૦૧૫ વધામણાંનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં તાલિમાર્થીઓ ધ્વારા વર્ષ-૨૦૧૪ દરમ્યાન થયેલી રાજનૈતિક,સામાજીક, ખેલ જગત, ફિલ્મ જગત વિગેરે ઘટનાઓને વિવિધ માધ્યમોથી ચિરીતાર્થ કરી હતી.નવા વર્ષની ઉજવણીમાં પ્રાસંગિક ગીતો, પ્રવચનો તેમજ કૃતીઓ ધ્વારા રજુ કર્યા હતા.તાલિમાર્થીઓએ આ પ્રસંગે સ્વસ્થ ભારતના સંદર્ભે સ્વચ્છતાના સંકલ્પો લીધા હતા.

આ કાર્યક્રમમાં ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સહમંત્રી નયનાબેન બારોટ, યુવા સભ્ય દેવાંગભાઈ બારોટ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન આચાર્ય અમિતકુમાર ભટ્ટના માર્ગદર્શન ધ્વારા સંપન્ન કરવામાં આવ્યું હતું.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર

TATA

ઓથોરાઈઝ્ડ ડીલર

Castrol

EXIDE INDUSTRIES LIMITED

BRIDGESTONE PASSION for EXCELLENCE

JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮

ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦

મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD

Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧